## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બાળકો અહી પણ નો રીપીટ થિયરી અમલમાં છે... એક વખતમાં સમજી જજો... બીજી વાર રીપીટ નહી કરવામાં આવે...!!

# ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડીઝનો પ્રારંભ

**એન.એફ.એસ.યુ.ની કૌશલ્યતા-જ્ઞાન તજજ્ઞતાનો લાભ ગુજરાતના આંગણેથી દેશ આખાને મળતો થયો છે : જ્યુડીશ્યરી-લેજિસ્લેચર-એકઝીક્યુટિવ ત્રણેય ક્ષેત્રો રાષ્ટ્રહિત-દેશહિત માટે સદૈવ કર્તવ્યરત્ છે : કેન્દ્રીય કાયદા મંત્રી કિરણ રિજ્જુ**

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સ્કુલ ઓફ લો - ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ ટેકનો લિગલ એક્સપર્ટ એવા ટેકનોલોજીથી સુસજ્જ નિષ્ણાંતોનું માનવબળ દેશને પુરું પાડશે.

આ સંદર્ભમાં ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે વર્તમાન સમયમાં ગૂનાના પ્રકારો બદલાયા છે ત્યારે ટેકનોલોજીના સમન્વયથી સાંપ્રત પડકારો ઝીલી લઈ ફોરેન્સીક સાયન્સ એન્ડ જસ્ટિસની મદદથી પૂરાવાઓ અદાલતોમાં રજૂ કરવામાં સરળતા થશે. આના પરિણામે ન્યાયિક પ્રક્રિયા પણ ઝડપી બનશે.

મુખ્યમંત્રી ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલી સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝના શુભારંભ અવસરે સંબોધન કરી રહ્યા હતા.





ભારત સરકારના કાયદા-ન્યાયતંત્ર મંત્રી કિરણ રિજ્જુએ આ નવનિર્મિત સ્કુલનો પ્રારંભ કરાવ્યો હતો.

આ અવસરે સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશ જસ્ટીસ એમ.આર. શાહ, ગુજરાત વડી અદાલતના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ આર.એમ. છાયા, રાજ્યના કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ રાજ્ય વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, ન્યાયવિદો, વિદ્યાર્થીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર જે. એન. વ્યાસે સ્વાગત પ્રવચન આપતા કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડીઝલ ભારતના નિર્માણને સાકાર કરવા યુનિવર્સિટીમાં ફોરેન્સિક ક્ષેત્રે અનેકવિધ નવીન પગલાં લઈ રહી છે. આ યુનિવર્સિટી પાંચ પ્રોગ્રામ સાથે શરૂ થઈ હતી અને આજે સિત્તેર પ્રોગ્રામ યુનિવર્સિટીમાં કાર્યરત છે.

આ કાર્યક્રમમાં ફોરેન્સિક યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો, આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- આજે રવિવારની રજા હોવા છતાં આગામી રવિવારે યોજાનારી મનપાની ચૂંટણીને પગલે જિલ્લાની કચેરીઓ ધમધમતી રહી હતી.
- ગાંધીનગર મનપાની ચૂંટણીમાં જાહેર પ્રચાર અભિયાન રાજકીય પક્ષોએ આક્રમક બનાવ્યો છે. કોંગ્રેસે કોલવડામાં રેલી યોજી હતી તો ભાજપ દ્વારા દરેક વોર્ડમાં મનકી બાત સાંભળી પ્રભારીઓએ ખાસ બેઠકો કાર્યકર્તાઓ સાથે યોજી હતી.
- ગાંધીનગર તાલુકાના ગોળવંટા ગામે તળાવ ભરાઈ જતાં તળાવના પાણી પ્રા. શાળાના કેમ્પસમાં ઘુસ્યા હતા.
- જિલ્લા ભાજપના આગેવાનોને પણ દરેક વોર્ડમાં કામગીરી અને જવાબદારી સોંપવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં પ્રચાર અભિયાનને વેગીલુ બનાવવા કોંગ્રેસે પણ તેના દિગ્ગજોને મેદાનમાં ઉતાર્યા છે.
- મનપાનું પ્રચાર અભિયાન સોશ્યલ મિડિયામાં પણ ધૂમ મચાવી રહેલ છે.
- આજથી બે દિવસ માટે રાજ્ય વિધાનસભાનું સત્ર શરૂ થઈ રહ્યુ હોવાથી શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત લગાવાયો છે.
- આદર્શ આચારસંહિતાના અમલને લઈ શહેરમાંથી આજે ૩૫૦૦ થી વધુ હોર્ડિંગ્સ, બેનર, પોસ્ટર અને અન્ય પ્રચાર સાહિત્યને તંત્રની ટીમોએ દૂર કર્યા હતા.
- આજે સાંજે પડેલા વરસાદને કારણે સે. ૨૪, ૨૫, ૨૭, ૨૮ સહિત ઘણા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહેતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

# મહુડી ગામે 'દેવ પવાલા' મરાઠી ફિલ્મનું શુટિંગ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર પાસે આવેલા પ્રસિદ્ધ મહુડી ગામે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય મહુડી કેન્દ્ર ખાતે એક મરાઠી મૂવી નું શૂટિંગ ચાલી રહ્યું છે. 'દેવ પવાલા' નામે બની રહેલ આ મરાઠી મૂવીની મૂળ વાર્તા છતિસગઢની સટયઘટના પર આધારીત છે. મહુડી બ્રહ્માકુમારીઝ સેન્ટર ખાતે ફિલ્મના મુહર્ત શોટ સમયે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ફિલ્મના પ્રોડ્યુસર બી.કે. પ્રભાદીદી, મહુડી શ્રી ઘંટાકર્ણ મહાવીર મંદિર ના ટ્રસ્ટી વોરા, ગાંધીનગરના નાટ્ય કલાકાર કુંતલ નિમાવત તેમજ તસવીરે ગાંધીનગરના એડિટર કશ્યપ નિમાવત અને બીકે મનીષા દીદીના વરદ હસ્તે દીપ પ્રગટાવી મુહર્ત શોટ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ફિલ્મના પ્રોડ્યુસર બીકે પ્રભાદીદીના જણાવ્યા પ્રમાણે મરાઠી ફિલ્મનું શૂટિંગ તારીખ ૨૩ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર સુધી મહુડી ગામમાં જ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પહેલા આજ વિષય પર હિન્દી ફિલ્મ 'બદલતા આયના' તૈયાર થઈ ગઈ છે. આ ફિલ્મને બીકે પંપોઝભાઈ ડિરેકટ કરી રહ્યા છે. જ્યારે મુખ્ય ભૂમિકામાં મરાઠી કલાકારો ઉત્કર્ષ, સ્વપ્રિલ, પ્રયાગ, અનિતા, કાજલ, પ્રદીપ તેમજ અન્ય કલાકારો અભિનય આપી રહ્યા છે.





## દોલાપુરમાં વિજકરંટ લાગતાં યુવકનું મોત : ટ્રેક્ટરમાં ઘાસ ભરતાં કરૂણ બનાવ

બાયડ તાલુકાના દોલાપુરમાં ટ્રેક્ટરમાં ઘાસચારો ભરવા સમયે બાપુરાજ પરમાર નામના યુવકને વિજ કરંટ લાગતાં મોત નિપજ્યુ છે. ઘાસચારો ભરતા સમયે યુવક થ્રી ફેઈઝ લાઈનના સંપર્કમાં આવતાં જીવ ગુમાવ્યો છે. જો કે કરૂણ હાદસાની કોઈ જાણ થઈ ન હોવાનું સાઠંબા પોલીસે જણાવ્યુ છે.

ચોમાસામાં વીજ કરંટના હાદસા શરૂ થયા છે. ખુદ વિજકર્મીઓ કરંટથી દાઝી રહ્યા છે. ત્યારે ગતરોજ બાયડ તાલુકાના રૂપનગરમાં બાપુરાજ પરમાર ગાયો માટે ઘાસચારો ભરવા માટે ટ્રેક્ટરમાં દોલાપુર ગામે ગયો હતો જ્યાં ટ્રોલીમાં ઘાસ ભરવા સમયે ઉપરથી પસાર થતી હેવી વીજલાઈનને યુવકનો હાથ અડકી જતાં વીજકરંટથી યુવકનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. વીજકરંટના આકસ્મિક બનાવમાં યુવક વીજ કરંટથી ભડભડ સળગવા લાગતા લોકટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

# ગાંધીનગરનો ૨૪ વર્ષનો યુવાન સાયકલ લઈને લેહ-લદ્દાખ જવા નીકળી પડ્યો

**પર્યાવરણ જાગૃતિ માટે માટે સે.૭નો શુભાંક જોષી ૧૭૫૦કિમીની સાયકલ યાત્રાએ નીકળ્યો : પોતાના મા-બાપને પણ એક દિવસ અગાઉ જ જણાવી સાહસિક રાઇડ પર એકલો જવા રવાના**

ગાંધીનગર, તા.૨૬

"રસ્તે પડ્યાં તો રણ મહીં રસ્તા
પડી ગયાં,
બેસી રહ્યાં જે કિનારે તે ભુલાં
પડી ગયા."

એવું કહેવાય છે કે તમારે કોઈ પણ મુશ્કેલ કાર્યને પાર પાડવું હોય તો તેના માટે પહેલા પુરતી તૈયારીઓ કરવી પડે પરંતુ તૈયારીઓ કરો કે ના કરો પણ સૌથી પહેલાં તમારો અડગ ઈરાદો જોઈએ, અડગ નિશ્ચય હોય તો સમજો કે તમારું અડધું કામ તો પુરૂ થઈ ગયું. આ ઉક્તિ ગાંધીનગરના એક માત્ર ૨૪ વર્ષીય યુવાન સાચી પાડવા જઈ રહ્યો છે. શહેરના સે.૭ના શુભાંક જોષીએ આજે સવારે સાયકલ પર ગાંધીનગરથી આશરે ૧૭૫૦ કિમી દૂર લેહ-લદ્દાખ ખાતે જવા પ્રયાણ કર્યુ છે અને તે પણ પર્યાવરણ જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી તે એક સાહસપૂર્ણ બાબત છે. અત્રે ઉલ્લેખનીય છે કે શુભાંક જોષી સ્પોર્ટ્સ કંપનીમાં જોબ કરી રહ્યો છે.

ગાંધીનગરના સે.૭માં રહેતા વન્યજીવ પ્રેમી અને તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયેલા પ્રોજેક્ટ સેવ ગ્રીન ગાંધીનગરના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર કલ્પેશ જોષીના પુત્ર શુભાંક જોષીએ શનિવારે અચાનક જ તેના પિતાને જણાવ્યું કે તે રવિવારે સવારે સાયકલ પર લેહ-લદ્દાખ જવા નીકળવાનો છે. કોઈપણ મોટી પૂર્વ તૈયારી વગર જ અચાનક આટલા લાંબા અંતરની સાયકલ રાઈડ પર અને તે પણ એકલો જવાની વાત દિકરો કરે એટલે સ્વાભાવિક રીતે જ મા બાપને દિકરો રસ્તામાં ક્યાં રોકાશે, શું જમશે જેવી ફિકર થાય પરંતુ જ્યારે શુભાંકે પોતાની સાઈકલ રાઈડનો ઉદ્દેશ જણાવ્યો ત્યારે તેના પિતાએ સ્મિત સાથે સંમતિ આપી દીધી. જોકે શુભાંકે પોતાની રીતે જરૂરી તૈયારીઓ કરી લીધી છે અને તે અંદાજે ૧૨ થી ૧૪ દિવસે લેહ પંહોચી જશે. શુભાંક પોતાના રૂટ દરમ્યાન રસ્તામાં રાજસ્થાન ખાતે જેટલી પ્રાથમિક શાળાઓ આવશે ત્યાં જઈને બાળકોને પર્યાવરણનું મહત્વ સમજાવશે. આજે સવારે શુભાંકે પોતાના માતા-પિતાના આશિર્વાદ લઈને પોતાની આ પર્યાવરણ બચાવો જાગૃતિ માટેની સાયકલ યાત્રાનો પ્રારંભ કર્યો હતો. શુભાંક જોષીએ ગાંધીનગરના યુવાનોની સાહસિકતા અને પર્યાવરણીય સભાનતાનો પરિચય આપ્યો છે અને તે પોતાના મિશનમાં સફળ રહે તેવી તેના પરિવાર-સ્નેહીજનો અને મિત્રોએ શુભેચ્છા પાઠવી છે.




### બોર્ડ સભ્યની ચૂંટણીમાં રસાકસીભર્યો જંગ

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો નિર્ણાયક, બમ્પર ૭૬ ટકા મતદાન : મંગળવારના પરિણામ ઉપર નજર, ચોંકાવનારા પરીણામની સંભાવના

બાયડ, તા. ૨૬

ગુજરાત રાજ્ય મા. અને ઉ.માં. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના વિવિધ સંવર્ગના ૭ બોર્ડ સભ્યો માટે યોજાયેલી ચૂંટણીમાં અત્યંત નિર્ણાયક ગણાતા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બમ્પર ૭૬ ટકા જેટલુ મતદાન થયુ છે. મંગળવાર બપોર સુધીમાં પરિણામ જાહેર થશે. કેટલાક સંવર્ગમાં ચોંકાવનારા પરીણામ આવે તેની ધારણા છે.

શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં વર્ષોથી બોર્ડ સભ્યોનો દબદબો હતો. અગાઉ આચાર્ય-શિક્ષક-ક્લાર્ક-સેવકની ભરતીમાં બોર્ડ સભ્યોનું ખાસું મહત્વ હતુ પરંતુ કેટલાક બોર્ડ સભ્યોએ ભરતી સમયે દુકાનો ખોલતાં ગંભીર ફરીયાદો સરકાર સમક્ષ પહોંચ્યા પછી સીધી ભરતીથી કર્મચારીઓની ભરતી શરૂ કરી. બોર્ડમાં અત્યાર સુધી ૨૬ સભ્યો ચૂંટાતા હતા પરંતુ તેમાં ઘટાડો કરી વિવિધ સંવર્ગમાં માત્ર ૯ બેઠકો ફાળવતાં તેનો કચવાટ સામે આવ્યો પરંતુ સંગઠનો કઠપૂતડી બની જતાં અવાજ દબાયો છેવટે બોર્ડ દ્વારા વર્ષ-૨૦૨૦માં મુદત પૂરી થતાં ચૂંટણી જાહેર થઈ પરંતુ કોરોનાના કારણે સતત ચૂંટણી ઠેલાતી રહી. આખરે સંગઠન ઘટતાં ૯ બેઠકોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી છે. જેમાં ૨ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાઈ જેમાં સાબરકાંઠા-અરવલ્લીના ૧૨ મતદાન મથકોમાં યોજાયેલી ચૂંટણીમાં સંચાલક મંડળ, વહીવટીમંડળ, આચાર્ય મંડળ, પ્રાથમિક શિક્ષક સંઘ, ઉ.મા. શિક્ષક સંઘ, ઉત્તર બુનિયાદી સંઘ સંવર્ગના મતદારોએ બમ્પર મતદાન કરી સૌને ચોંકાવી દીધા. સંચાલક મંડળમાં નારણભાઈ પટેલ, ડૉ. પ્રિયવદન કોરાટ વચ્ચે તિવ્ર સ્પર્ધાના સંકેત છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરેરાશ ૭૬ ટકા બમ્પર મતદાનથી ઉમેદવારો પોતાની જીત અંગે અસંમજસમાં આવી ગયા છે.





## નારણભાઈ પટેલનો વિજય નિશ્ચિત : બિપીનભાઈ શાહ

અખિલ ગુજરાત શાળા સંચાલક મહામંડળની કોર કમીટીએ મહામંડળના પ્રમુખ નારણભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા જ્યારે ડૉ. પ્રિયવદન કોરાટે રીતસરનો બળવો કરી તેમની સામે મેદાનમાં જંપલાવતાં સંચાલક મંડળનો જંગ જામ્યો હતો. અખીલ ગુજરાત શાળા સંચાલક મહામંડળના ઉપ પ્રમુખ, અરવલ્લી જિલ્લા શાળા સંચાલક મંડળના અધ્યક્ષ બિપીનભાઈ શાહે જણાવ્યુ કે નારણભાઈ પટેલનો ભવ્ય વિજય નિશ્ચિત છે.

# હિંમતનગર શહેરમાં મહિલા મોરચા દ્વારા આવાસના બાળકોના હેલ્થ ચેકઅપ-સર્ટીફીકેટ અપાયા

હિંમતનગર તા.૨૬

સેવા સમર્પણ કાર્યક્રમના અનુસંધાને આજરોજ મહિલા મોરચા સાબરકાંઠા જિલ્લા દ્વારા હિંમતનગર શહેરના ગીરધર નગર વિસ્તાર આવાસ યોજનાના બાળકોને શાળામાં હેલ્થ ચેકઅપ કેમ્પ અને તેમને ફિટનેસ સર્ટિફિકેટ આપવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, રેખાબેન ચૌધરી, મહિલા મોરચાના પ્રભારી સુશીલાબેન પટેલ, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, પાલિકા પ્રમુખ યતીનબેન મોદી, જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન પટેલ, મહામંત્રી કાજલબેન દોશી, ઉપપ્રમુખ નિર્મળાબેન પંચાલ, શહેર ભાજપ પ્રમુખ વાસુદેવભાઈ રાવલ, પાલીકા ગટર યોજના સમિતિના ચેરમેન સવજીભાઈ ભાટી, કલ્પેશભાઈ સાંખલા, શહેર મહિલા પ્રમુખ અરુણાબેન કડિયા, અર્ચનાબેન ભટ્ટ, બીના પાઠક, શશીકાંત સોલંકી વગેરે અનેક મહિલા સંગઠન ટીમ હાજર રહેલ.

## ઝઘડી પડ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્ને ઉમેદવારો પોતાનો વ્યક્તીગત પ્રચાર કરતા હોવાની વાતને લઈ ચકમક ઝરવાની શરૂ થઈ હતી. ભાજપના નેતાઓ આ કલહ જોઈને ચોંકી ઉઠ્યા હતા. ભાજપનું સંગઠ્ન મુંઝવણો વચ્ચે પણ પ્રચાર અભિયાનને આગળ ધપાવી રહેલ છે. વોર્ડના અગ્રણી કાર્યકરોને સંગઠનના આગેવાનો પક્ષને નુકશાન ન થાય તે જોવા જણાવી અને કામે લાગવા જણાવી રહ્યાનું જાણવા મળેલ છે.

## નવી સવાર ● અનુસંધાન ચોથાનું ચાલુ...

છે એટલું વંચાતું નથી. તમે ગુજરાતીઓને સાવ આવા, પુસ્તકો વાંચતા હોય તેવા, ધારી જ કેવી રીતે શકો?? ખબરદાર જો ગુજરાતીઓ વિશે આવું કશું એલફેલ ધાર્યું કે માન્યું છે તો !

**(૬) લોકો આજે મેસેજ વાંચે છે, કાલે ઈ-બુક પણ વાંચશે.**

નવી પેઢી ગઈ કાલ સુધી અખબાર જોતી તો હતી હવે તેની સામે 'જોતી પણ નથી,' આખી દુનિયા સ્ક્રીનમાં સલવાઈ ગઈ છે. ટેક?ટસ મેસેજીસ સૌથી વધુ વંચાય છે. વોટ્સ એપ, ફેસબુક અને બીજી બધી એપ્સ પર આવતું-જતું- ધક્કા મારીને આગળ ધપાવાતું. વંચાય છે. હા, તેમાં કોમેડીને પ્રથમ ક્રમ મળે. અને જૂઓ મારા ભાઈ, સાહિત્યમાં તો કોઈની આંખો, કોઈનું હૃદય વાંચવાનું હોય છે. એટલો ટાઈમ નથી આજે કોઈને આ હડીયાપટ્ટી અને દોડાદોડીમાં... દોડ બિલ્લી બિલ્લો આવે... દોડી બિલ્લી બિલ્લો આવે...એ આ મેસેજ આવ્યો, વાંચ્યો અને ધકેલ્યો. હવે તો ઈ-બુક પણ સ્ક્રીન પર આવી ગઈ છે, નવી પેઢી આજે નહીં તો કાલે તેની એટલે કે એ બુકની હેવાઈ થશે.

અત્યારે તો નવી પેઢીની ગર્લ્સ સ્કીન (ચામડી) અને સ્ક્રીન (મોબાઈલ)માં બિઝી છે અને બોયીસની પીન ગર્લ્સ પર અટકી ગઈ છે...

છાંયડો :

અત્યારે તો અખબારોની પૂર્તિઓમાં જે છપાય છે તે છે સાહિત્ય ગણાય છે.. અત્યારે જે પુસ્તકો પ્રકાશિત થાય છે, વેચાય છે, વંચાય છે તેમાંથી ૮૦% તો પહેલાં અખબારોમાં સામગ્રી છપાઈ ચૂકી હોય છે...

## 'ગુલાબ'... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોના કાંઠે ટકરાય તેવી શક્યતા છે. ઓડિશાના સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યો છે. હવામાન વિભાગે ૨૬થી ૨૯મી દરમિયાન ગુલાબ નામના વાવાઝોડાંની આગાહી કરી છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં આ વાવાઝોડું ત્રાટકશે. ઓડિશા સૌથી વધુ પ્રભાવિત થાય તેવી શક્યતાના પગલે સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરાયો છે. એ સાતેય જિલ્લામાં કુલ ૬૬ બચાવ ટૂકડીઓને તૈનાત કરી દેવામાં આવી છે. હવામાન ખાતાના ડાયરેક્ટર જયંત સરકારે આપેલી માહિતી પ્રમાણે બંગાળના ઉપસાગરમાંનું ડીપ ડીપ્રેશન આજે છેલ્લા છ કલાક દરમિયાન સાત કિલોમીટરની ગતિએ પશ્ચિમ દિશા ભણી આગળ વધ્યું હતું. ત્યારબાદ આજે સાંજે ૫-૩૦ કલાકે ગોપાલપુર(ઓડીશા)થી ૩૭૦ કિલોમીટરના અંતરે અને કલીંગપટ્ટણમ(આંધ્ર પ્રદેશ)થી ૪૪૦ કિલોમીટરના અંતરે સ્થિર થયું હતું. ગુલાબ સાયક્લોન ૨૬,સપ્ટેમ્બરે સાંજે પશ્ચિમમાં વધુ આગળ વધીને કલીંગપટ્ટણમ અને ગોપાલપુર વચ્ચેથી આગળ વધે તેવી સંભાવના છે. ૨૬ સપ્ટેમ્બર દરમિયાન પવન ૭૦થી ૮૫ કિલોમીટર(પ્રતિ કલાક)ની તીવ્ર ગતિએ ફૂંકાય તેવી પણ ચેતવણી આપવામાં આવી છે. જોકે, ૨૭મી સપ્ટેમ્બરે ગુલાબ સાયકલોનની તીવ્રતા તબક્કાવાર મંદ પડશે અને ડીપ ડીપ્રેશનમાં અને ત્યારબાદ ડિપ્રેશનમાં ફેરવાઈ જવાની પણ સંભાવના છે.

## ૨૦ મીટિંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે પ્રધાનમંત્રીએ વિમાનમાં અધિકારીઓ સાથે ચાર મોટી બેઠક કરી હતી. પીએમ મોદીએ ૨૨ સપ્ટેમ્બરના રોજ વિમાનમાં બે બેઠક યોજી અને ત્યારબાદ ૩ બેઠક હોટલમાં કરી. ૨૩ સપ્ટેમ્બરે અમેરિકાની દિગ્ગજ કંપનીઓના સીઈઓ સાથે પાંચ બેઠકો કરી. ત્યારબાદ પીએમ મોદીની અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે બેઠક થઈ. આ ઉપરાંત જાપાનના પીએમ યોશિહિદે સુગા, ઓસ્ટ્રેલિયાના પીએમ સ્કોટ મોરિસન સાથે દ્વિપક્ષીય વાર્તા કરી. પ્રધાનમંત્રીએ ત્રણ આંતરિક બેઠકોની પણ અધ્યક્ષતા કરી.

૨૪ સપ્ટેમ્બરના રોજ પીએમ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી અને ત્યારબાદ ક્વાડના શિખર સંમેલનમાં સામેલ થયા. આ ઉપરાંત તેમણે ચાર આંતરિક બેઠકો પણ કરી. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ૨૫ સપ્ટેમ્બરના રોજ અમેરિકાથી ભારત રવાના થતા પીએમ મોદીએ વિમાનમાં બે બેઠક કરી.

## નમામિ ગંગે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોય છે. એટલે કે જળના એક એક બિન્દુને પોતાનામાં સમેટી લેવું, જળ જીલની. તે જ પ્રકારે વરસાદ બાદ બિહાર અને પૂર્વના ભાગોમાં છઠનું મહાપર્વ ઉજવવામાં આવે છે. મને આશા છે કે છઠ પૂજાને જોતા નદીઓના કિનારા, ઘાટોની સફાઈ અને મરમ્મતની તૈયારીઓ શરૂ કરી દેવાઈ હશે. પીએમ મોદીએ કહ્યું કે આપણે નદીઓની સફાઈ અને તેમને પ્રદૂષણ મુક્તકરવાનું કામ બધાના પ્રયાસ અને બધાના સહયોગથી જ કરી શકીએ છીએ. નમામિ ગંગે મિશન પણ આજે આગળ વધી રહ્યું છે તો તેમા બધા લોકોના પ્રયત્નો, એક પ્રકારથી જન જાગૃતિ, જન આંદોલન,તેની ખુબ મોટી ભૂમિકા છે.

તેમણે કહ્યું કે આજકાલ એક વિશેષ ઈ-ઓક્શન, એટલેકે ઈ-હરાજી ચાલે છે. આ ઈલેક્ટ્રોનિક હરાજી એવી ભેટની થઈ રહી છે જે મને સમયાંતરે લોકોએ આપ્યા છે. આ હરાજીથી જે પૈસા આવશે તે નમામિ ગંગે અભિયાન માટે જ સમર્પિત કરવામાં આવે છે. તમે જે આત્મીય ભાવનાથી મને ભેટ આપો છો તે જ ભાવનાને આ અભિયાન વધુ મજબૂત કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુંકે તામિલનાડુના વેલ્લોર અને તિરુવન્નામલાઈ જિલ્લાનું એક ઉદાહરણ આપવા માંગુ છું. અહીં એક નદી વહે છે નાગાનધી. હવે આ નાગાનધી વર્ષો પહેલા સૂકાઈ ગઈ હતી. આ જ કારણએ ત્યાંનું જળસ્તર પણ ખુબ નીચું ગયું હતું. પરંતુ ત્યાની મહિલાઓએ બીડું ઉઠાવ્યું કેતેઓ પોતાની નદીને ફરી જીવિત કરશે. બસ પછી તો તેમણે લોકોને જોડ્યા, જનભાગીદારીથી નહેરો ખોદી, ચેકડેમ બનાવ્યા, રીચાર્જ કૂવા બનાવ્યા. તમને એ જાણીને આનંદ થશે કે આજે આ નદી પાણીથી ભરાઈ ગઈ છે અને જ્યારે નદી પાણીથી ભરાઈ જાય છે ત્યારે મનને કેટલી શાંતિ મળે છે તેનો મે પ્રત્યક્ષ અનુભવ કર્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે તમારામાંથી અનેક લોકો જાણતા હશે કે જે સાબરમતીતટ પર મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમ બનાવ્યો હતો, તે નદી છેલ્લા કેટલાક દાયકામાં સૂકાઈ ગઈ હતી. વર્ષમાં ૬-૮ મહિના પાણી જોવા મળતું નહતું. પરંતુ નર્મદા નદી અને સાબરમતી નદીને જોડી દેવાઈ તો આજે તમે અમદાવાદ જશો તો સાબરમતી નદીનું પાણી મનને પ્રફુલ્લિત કરે છે. તેમણે કહ્યું કે મારા વ્હાલા દેશવાસીઓ ક્યારેય નાની વાતને નાની ચીજને નાની જાણવાની ભૂલ કરવી નહીં. જો મહાત્મા ગાંધીના જીવન તરફ આપણે જોઈશું તો દરેક પળ મહેસૂસ કરીશું કે નાની નાની વાતોની તેમના જીવનમાં કેટલું મહત્વ હતું અને નાની નાની વાતોને લઈને કરેલા મોટા મોટા સંકલ્પોને તેમણે કેવી રીતે સાકાર કર્યા હતા. નાના નાના પ્રયત્નોથી પણ ક્યારેક મોટા મોટા પરિવર્તન આવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે આઝાદીના ૭૫માં વર્ષમાં આપણે જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છેએ ત્યારે આપણે સંતોષથી કહી શકીએ છીએ કે આઝાદીના આંદોલનમાં જે ગૌરવ ખાદીને હતું આજે આપણી યુવા પેઢી ખાદીને તે ગૌરવ આપી રહી છે.